## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

એવું નથી કે ખાલી ઉમળકો થઈ ગયા.
આ શબ્દ મારા મૌનનો મોભો થઈ ગયા.
ગુંજાશ કેટલી છે સ્મરણની ખબર પડી,
પ્રશ્નો થઈ ગયા ને જવાબો થઈ ગયા.

- લક્ષ્મી ડોબરિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## ઈચ્છાનો જાદુઈ પ્રભાવ...

આહાર,નિંદ્રા,ભય અને મૈથુન આ ચાર ઓળખ પ્રાણીમાત્રમાં કુદરતે મુકેલી છે.માણસ પણ એક પ્રાણી છે.આ ચાર બાબતોમાં મોટાભાગે એ પણ અન્ય જીવોની માફક જ વર્તે છે.પરંતુ માનવીની વિશેષતા એની ઈચ્છાશક્તિ છે.લાખો જીવો ધરતી ઉપર વિહરે છે એ તમામને કોઈ ને કોઈ ઈચ્છા થતી રહે છે..માણસનું મન તો એષણાઓના ભંડાર જેવું છે..ફરક એ છે કે અન્ય જીવોની પાસે ફક્ત ઈચ્છા હોય છે માણસ પાસે ઈચ્છાશક્તિનો અખૂટ ખજાનો છે.આ એક અમૂલખ ખજાનો છે.

માનવજીવનનો ઈતિહાસ હોય છે સંસ્કૃતિ હોય છે. કોઈ પશુજીવન કે પ્રાણીજીવનની આવી ધરોહર હોતી નથી.એનું કારણ છે અન્ય પ્રાણીઓ કરતાં અલગ માણસને મળેલી બુધ્ધિ અને વિચાર કરવાની શકિત..મકકમ મનોબળ ધરાવતો માણસ ધારે એ રીતે કુદરતે ગોઠવેલી અજાયબ સૃષ્ટિને પણ મનગમતો ઘાટ આપી શકે છે.પ્રાણીમાત્ર એને મળેલા જન્મજાત આવેગો મુજબ વર્તન કરે છે.એક મનુષ્ય જ એવું પ્રાણી છે જે પોતાના સ્વભાવથી પર જઈને પણ વર્તી શકે છે.પોતે વિશિષ્ટ છે એવો ભાવ જો માણસ રાખી એ મુજબ પ્રયાસો કરે તો એ પણ સર્જક બની શકે છે.

આ વાત કંઈ નાનીસૂની નથી.આપણી સંવેદના કે અંતરાત્મા આપણને જે સૂચન કરે એ મુજબ આપણામાં રહેલી સુષુપ્ત શકિતઓને સંકોરવી જોઈએ.મુઠ્ઠીભર હાડકાંના માલિક મહાત્મા ગાંધીએ પોલાદી અંગ્રેજ શાસન સામે જે ટંકાર કર્યો હતો એની પાછળ એમનો દ્રઢ સંકલ્પ કારણભૂત હતો..પાશેર જેટલી કોરી ખીચડી ખાઈને દરરોજ માઈલોની મુસાફરી પારમાર્થિક હેતુ માટે કરનારા મૂકસેવક એવા રવિશંકર મહારાજ પ્રબળ ઈચ્છાશકિતનું ઉત્તમ ઉદાહરણ છે.

મોટાભાગના લોકો એમને કુદરતી રીતે મળેલા કોચલામાં પડી રહે છે.અને પોતાની અવદશા માટે કિસ્મતને કોશતા જોવા મળે છે.જે લોકો જગતને કશુંક આપી ગયા છે અથવા પ્રચલિત માપદંડોથી અલગ રાહ ચીંધી ગયા છે એમની પાસે મૂડીમાં ફક્ત મકકમ મનોબળ જ મુખ્ય હતું.જગતનાં મહાન યુધ્ધો જીતનારા વિજેતાઓ એમની પાસેના ઓજારો કે સૈનિકોની સંખ્યાના કારણે નહીં પણ એમની વ્યૂહરચના અને આત્મવિશ્વાસ થકી જ સફળતા પામ્યાના દાખલાઓ છે.

જે માણસ સતત શીખવાની વૃત્તિ રાખે.અને પોતાના જીવનનું ચોક્કસ ધ્યેય નક્કી કરી શકે એ જ મકકમ મનોબળનો માલિક બની શકતો હોય છે.દરેક મહાન માણસની પાસે પોતાની રીતે ઝઝૂમવાની એક આગવી રીત હોય છે.બેન્જામીન ફ્રેંકલીન એની નોંધપોથીમાં દરરોજ પોતાની મર્યાદાઓની યાદી બનાવી ટપકાવતો..એ પછી નિરાંતે એ ખામીઓ ઉપર નજર કરી એને કઈ રીતે દૂર કરવી એનું આયોજન કરતો.એની આ પધ્ધતિથી જ એણે એક અવતારમાં કેટકેટલાં કામો સફળતાપૂર્વક પાર પાડ્યાં એ વિસ્મય ઉપજાવે છે.આપણી ઉણપો અને નિષ્ફળતાઓના ઢગલા ઉપર મહેનત અને નિષ્ઠાથી સરસ મજાનાં ગુલાબ ઉગાડી શકવાની ક્ષમતા ફક્ત આવા માણસો પાસે જ હોય છે !

# હિંસાની રાજનીતિથી બાળમાનસને પ્રદૂષિત ન કરો

**તંત્રીસ્થાનેથી...**

વલસાડ જિલ્લાના રમતગમત વિભાગ દ્વારા બાળપ્રતિભા શોધી સ્પર્ધામાં રખાયેલ નાથુરામ ગોડસેની પ્રશસ્તિ કરતો વિષય ચર્ચાસ્પદ બને તે સ્વાભાવિક છે. આ મુદ્દો રાષ્ટ્રપિતાના હત્યારાના ગૌરવગાનનો હોવાથી એના રાજકીય પડઘા પણ ના પડે તો જ નવાઈ, ગાંધીજીની હત્યા વાજબી હતી એવું પુરવાર કરનાર બાળ વક્તાને આ સ્પર્ધામાં વિજેતા જાહેર કરાયો છે તે સૂચક છે. છેક દસ-બાર વર્ષની કાચી વયથી જ બાળમાનસમાં આવા હિંસક વિચારો સીંચવા તે ભારત માટે જ નહીં બલકે કોઈ પણ રાષ્ટ્ર માટે ઘણી જ કમનસીબ બાબત ગણાવી જોઈએ. ગાંધીજીને આખી દુનિયા વીસમી સદીના સૌથી મોટી વિભૂતિ તરીકે પૂજે છે. અહિંસાના માર્ગે જ વિશ્વશાંતિ પ્રાપ્ત કરી શકાશે એ મુદ્દે આખી દુનિયાના નેતાઓમાં સર્વસંમતિ પ્રવર્તે છે. ત્યારે ગાંધીના જ ગુજરાતમાં અને એમાં પણ જે મીઠાના સત્યાગ્રહ પછી બ્રિટિશરાજના મૂળિયાં હચમચી ગયેલા તે દાંડી વાળા જિલ્લામાં સરકારી વિભાગ દ્વારા ગોડસેનું ગૌરવગાન કરતો વિષય રાખી વકતૃત્વ સ્પર્ધા યોજાય છે તે કેવી વિડંબન છે! મહાપુરુષોના જીવનનો મહિમા કરી બાળમાનસમાં રાષ્ટ્રભાવના જગાડવાને બદલે જેના નેતૃત્વ હેઠળ દેશને આઝાદી પ્રાપ્ત થઈ એવા સંત કક્ષાના રાષ્ટ્રપુરુષ બલકે વિશ્વમાનસનો જીવનદીપ બુઝાવી દેનાર હત્યારાને બાળકો પોતાનો આદર્શ ગણતાં થશે તો આખરે આપણે એક પ્રજા તરીકે કેટલી હીન કક્ષાએ નીચે ઊતરી જાણીએ છીએ એની જ પ્રતીતિ થવાની. સરકાર ગાંધીવિચારમાં ના માને એનો વાંધો ન હોઈ શકે. વ્યક્તિગત રીતે નાગરિકને પણ બંધારણ તો અભિવ્યક્તિનો અધિકાર આપે જ છે. પરંતુ દેશ જેમને રાષ્ટ્રપિતા તરીકે સ્વીકારતો હોય, જેમના જન્મદિવસને દેશ રાષ્ટ્રીય પર્વ તરીકે ઊજવતો હોય અને એમના બલિદાનને શહીદ દિન તરીકે મનાવવામાં આવતું હોય - એવા મહાપુરુષને પોતાની ધૂનમાં ગોળીને વીંધી નાખનાર નાથુરામ ગોડસે એક ગુજરાતી બાળકનો આદર્શ બની જાય - ત્યાં સુધીનું માનસિક અધઃપતન સરકાર અને સમાજ ઉભય માટે ઘણું જ શરમજનક લેખાવું જોઈએ. એક રમત ગમત અધિકારીએ નક્કી કરી આપેલ વિષયો પાછળ જે - તે સરકારની મનપસંદ નીતિરીતિ જ ભાગ ભજવતી હોય છે. સરકારને રાજી કરવાના ઉમળકામાં જ કોઈ મહિલા અધિકારીએ આવા વિષયને વકતૃત્વ સ્પર્ધામાં સામેલ કરવાની મંજૂરી આપી હોવી જોઈએ. એટલે ઊહાપોહ દબાવી દેવા ગૃહમંત્રી તાત્કાલિક અસરથી એ અધિકારીને સસ્પેન્ડ કરી દે એટલું પૂરતું નથી. ખરેખર તો આ માનસિકતાના મૂળમાં ગાંધીવિચાર વિરોધી રાજકીય વિચારધારા જ પડેલી છે. ગમે તેટલાં થાબડભાણાં કરવામાં આવે તો પણ બૂંદ સે ગઈ વો હૌજ સે - આવવાની નથી. દેશના ધુરીણો અને પ્રબુદ્ધજનોએ આવી હિંસક માનસિકતા વિરુદ્ધ અવાજ બુલંદ કરવો જ રહ્યો. બાળમાનસને પ્રદૂષિત કરી તાલિબાની સમાજ સર્જવાની આ કુત્સિત ચેષ્ટાને સૌએ એકી અવાજે વખોડવી જરૂરી છે. એને નજરઅંદાજ કરવાથી તો હિંસાની રાજનીતિને જ હવે મળશે, એમાં શંકાને સ્થાન નથી.

# ધર્માત્મા વિદુર બોલ્યા...






(૧) આ લોકોને નીંદર આવતી નથી - શક્તિશાળી સાથે વિરોધ હોય, નબળો હોય, સાધન વગરનો હોય, બધું સત્ત્વ હરાઈ ગયું હોય, કામુક હોય, ચોર હોય.

(૨) જેની કાર્યશૈલીને ઠંડી, ગરમી, ભય, પ્રેમ, સમૃદ્ધિ, ગરીબાઈ - આમાંનં કોઈ અટકાવી શકતું નથી; તે સજ્જન છે.

(૩) જે પોતાનું નામ છોડીને બીજાનું કાર્ય કરવા જાય, મિત્રને માટે પણ ખરાબ આચરણ કરે એ મૂરખ છે.

(૪) જે વગર બોલાવ્યે આવી જાય, ન પૂછ્યું હોય તો પણ બોલબોલ કરે, અવિશ્વાસુ ઉપર પણ વિશ્વાસ મૂકે, તે હલકો માણસ મૂરખ છે.

(૫) કોઈ કહે તો તરત સમજી લે, બીજા કોઈને ધીરજથી સાંભળે, સોંપાયેલી કામગીરીને સમજીને સ્વીકારે, કોઈ પૂછે નહીં, ત્યાં સુધી બોલે નહીં; તે સજ્જન છે.

(૬) જો કોઈ પોતાના આશ્રિતોને કશું આપ્યા વગર એકલો જ સ્વાદિષ્ટ ભોજન લે કે સુંદર વસ્ત્રો પહેરે - તો આનાથી વધુ ક્રૂર કોણ હોય ?

(૭) સૌ કોઈને ક્ષમા આપ્યા કરતો હોય, એને એક જ તકલીફ છે. પરંતુ આ દોષ નથી. ક્ષમા જ વીરપુરુષોનું ઘરેણું છે.

(૮) આ બે કાર્યો કરે, તે માણસ શોભી ઊઠે - કઠોર નહિ બોલવું અને દુષ્ટ ને નહિ સત્કારવાનો.

(૯) આ બે જણાંને, ગળે મોટો પથ્થર બાંધીને પાણીમાં ફેંકી દેવા - દાન નહીં આપનારો ધનિક પુરુષ અને દુઃખો સહન ન કરી શકતો નિર્ધન પુરુષ.

(૧૦) આ ત્રણ દોષો વિનાશને નોંતરે છે - બીજાનું ધન હરી લેવું, બીજાની પત્નીને પરેશાન કરવી અને પોતાના મિત્રને છોડી દેવો.

(૧૧) વૈભવશાળી ગૃહસ્થીએ આ ચારને પોતાના જ ઘરમાં પ્રેમથી રાખવા - પરિવારમાં સૌથી મોટા વડીલ, સંસ્કારી પણ દુઃખી સ્વજન, દરિદ્ર મિત્ર અને સંતાનવિહોણી બહેન.

(૧૨) આ છ જણા કાયમ દુઃખી જ રહે - ઈર્ષ્યા કરનારો, તિરસ્કાર કરનારો, સંતોષ વગરનો, ક્રોધ કર્યા કરતો, બીજાને શંકાની નજરે જોનારો, બીજાના ભાગ્યને આધારે જીવનારો.

(૧૩) આ લોકોને કાયમ સુખ જ હોય - કારણ વગર ઘરની બહાર ન ભટકે, હલકાં માણસોનો સંગ ન કરે, પરસ્ત્રી માટે આસક્તિ ન રાખે, દંભ ન રાખે, ચોરી ન કરે, કોઈની નિંદા ન કરે, શરાબ ન સેવે.

(૧૪) આ લોકો બધાને પ્રિય હોય છે - અસભ્ય પહેરવેશ ન રાખે, સ્વજનો પાસે આત્મપ્રશંસા ન કર્યા કરે, કોઈને સહેજ પણ કટુવચન ન કહે.

(૧૫) જો કોઈ કાર્ય સિદ્ધ થવાનું હોય, પરંતુ તે પોતે અનિષ્ઠ હોય કે ખોટા ઉપાયોથી સિદ્ધ થવાનું હોય - તો તેમાં રસ જ ન લેવો, શરૂ જ ન કરવું.

(૧૬) ઉત્તમ ખોરાકથી ઢંકાયેલા લોખંડના કાંઢાને, લોભમાં પડેલું માછલું ગળી જાય છે, ત્યારે આનું પરિણામ શું આવશે ? તે જોતું નથી.

### દિન મહિમા

- ૧૮૩૬માં આ જ દિવસે ગદાધર ચટ્ટોપાધ્યાય એટલે કે વિશ્વ વિખ્યાત સંત અને સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસનો જન્મ થયો હતો. કોલકાતાના દક્ષિણેશ્વર કાલી મંદિરના આ સંતની પ્રેરણાથી જ રામકૃષ્ણ મિશનની સ્થાપના થઈ હતી.
- નેશનલ બેટરી ડે

### આજનું ઔષધ

- પીપળાના સૂકા ફળનું એક ચમચી ચૂર્ણ બે ચમચી મધ સાથે ચાટવાથી દમનો હુમલો શાંત થાય છે.

### ખડખડાટ

- ધીરુભાઈ : હેલો હું ધીરું બોલું છું... ધીરું...
કાકા : કોણ બોલે છે ? કાંઈ સંભળાતું નથી...
ધીરુભાઈ : હું ધીરું બોલું છું... ધીરું.. ધીરું...
કાકા : ઝખ મારવાને ધીરું બોલે છે જરા જોરથી બોલને....

### આજનો વોટ્સએપ

- કોઈ જીવને ભલે ચણ ના નાખો પમ કોઈના જીવનમાં અડચણ ન નાખો.

# શિષ્ટાચાર કે અંકલનો અત્યાચાર ?




'કહું છું.... આજે તમે ચા જોડે નાસ્તો ના કરતા.' ગુડ મોર્નિંગમાં શ્રીમતીજીએ અમને 'બ્રેકિંગ ન્યૂઝ' આપ્યા.

'કેમ ? આજે કયાં ગુરુવાર કે શનિવાર છે તે નાસ્તો ના કરું ?' ગુરુ કે શનિદેવની કૃપાપાત્ર રહેવા કાજે થઈને અમે 'વીક'માં બે દિવસ થોડા 'વીક' થઈ જવાનું જોખમ ખેડીને ય એક ટાણાં કરીએ છીએ પરંતુ આજે એ બંનેમાંથી એકેય વાર ન હોવાથી શ્રીમતીજી કેમ મોર્નિંગ બ્રેક ફાસ્ટ ઉપર 'બ્રેક' લગાવી રહ્યા છે તે ન સમજાતાં અમે પ્રશ્ન કર્યો.

એટકાણું નથી તમારે આજે એની ખબર છે પણ આજે તમારે નાસ્તાને બદલે ચા પીતાં પહેલાં હું આપું છું ગુંદરપાક ખાવાનો છે એમ કહું છું !!!' કહીને શ્રીમતીજીએ ગુંદરપાકના ચોસલા સાથેની ડીશ ધરી. અમે ડીશ હાથમાં લેતાં પૂછ્યું, : 'પણ આપણે તો આદુપાક બનાવેલો... અને એય ખલાસ થઈ ગયો છે એમ તે કહેલું, તો આ...?'

'લાલાકાકા આવી ગયા છે !' 'હેં ? લાલાકાકા આવી ગયા ? ના બને !!'

'હા, કાલે સાંજે જ આવી ગયા હતા. તમને કહેવાનું રહી ગયેલું... હવે લાંબુ વિચાર્યા વગર ઝટ ખાવ ને પછી ફટાફટ પરવારો, ભાઈસાબ.' કહીને શ્રીમતીજી કિચનમાં કામે વળગ્યાં.

રેડ અંકલને ત્યાંથી 'વસાણું' આવે એ વાત અમારા નાના કે મોટા મગજમાં ઊતરી કે કે ના ગળે ઊતરી. કેમ કે એક તો કોઈ શિયાળે અંકલને ત્યાં કોઈ 'પાક' બનતો નથી - દૂધપાક સિવાય.... (અમારા જેવા પાડોશીઓને ત્યાંથી એમને સિઝનમાં 'પાક' ચાખવા - ખાવા મળી જ રહેતા હોય છે પછી શું કામ માથાકૂટ કરવી) અને બીજું, સદા લેવામાં જ માનનારા અને બધે મફતિયું જ શોધવાની પ્રકૃતિવાળા કાકા કંઈ આવી જાય ખરા ? આવું બધું વિચારતાં અમે ગુંદરપાકનું ચકતું હાથમાં લઈ ભટકું ભર્યું.... પણ આ શું ? રેડઅંકલના ભારે જક્કી સ્વભાવ પેઠે ચોસલું જરાય તૂટવાનું નામ નહોતું લેતું. અમે અમારા દાંતનો થોડો વધારે બળપ્રયોગ કર્યો તોય એ નામક્કર રહ્યું.. ગુંદરબાદના ચકતા જોડે અમે ઝીંક ઝીલી રહ્યા હતા ત્યાં શ્રીમતીજીએ આવીને પૂછ્યું : ખાધો કે નહીં ગુંદરપાક ? ખાવ, ઠંડીમાં ગરમી ને શક્તિ આવી જશે.'

અમાં તો અમારી છે એય શક્તિ બધી ખર્ચાઈ જાય એવું છે...' કહીને અમે ચોસલું બતાવતાં ઉમેર્યું : 'આ ખવાતો નથી, ફક્ત ચાટી શકાય એવો છે.'

'એટલે ?'

'પથ્થરથી જ કઠણ છે. દાંત તૂટશે પણ ચોસલું નહીં તૂટે એ નક્કી છે.'

'હેં ? તો તો રહેવા દો !' શ્રીમતીજી ગભરાઈને બોલ્યાં.

'એક કામ કર. ગ્રાઈન્ડર - મિક્ષરમાં આ ગુંદરપાકનો ભૂક્કો કરવા ટ્રાય કરજે તો કદાચ ખવાશે... પણ મને બીક છે કે ગ્રાઈન્ડરની બ્લેક ભાંગશે પણ અંકલનો ગુંદરપાક નહીં ભાંગે...' કાકીએ કાકા જેવો જોરદાર બાવ્યો છે આ ગુંદરપાક!'

એ વાત પછી ત્યાં જ અટકી અમે ગુંદરપાકને પડતો મૂકી, ખાખરો પકડ્યો ને ચા-નાસ્તો કરી લીધો.

સાંજે ઓફિસેથી ઘરે આવ્યા ત્યારે પંચાલભાઈ, દરજી, કુલકર્ણીજી એમ ચોકઠાવાસીઓની મંડળી જમાવીને રેડઅંકલ અમારે ઓટલે મોજથી બેઠા હતા.

'આવો, આવો.... પનુભાઈ, તમારું જ ઘર છે, હોં... અવાય !!' રેડ અંકલે નફ્ફટાઈથી અમારા ઘરમાં અમને આવકાર્યા : 'વાત એમ છે કે ઠંડી જરા વધારે છે એટલે ચોકઠામાં ઓટલે 'ઓપન એર' માં બેસી ગપ્પા મારવા કરતાં થયું અહીં જરા સારું રહેશે એટલે બધાંને તમારે ઓટલે જ બોલાવી લીધા. સારું કર્યું ને?'

'ના, જરાય નહીં ! તમારા ઘરનો ઓટલો નહોતો મંડળી જમાવવા?' એવું કહી દેવાનું મન થઈ આવ્યું ગુસ્સા સાથે પણ એમ ફટ દઈને કોઈનું અપમાન કરવાનો સ્વભાવ નહીં આપણો એટલે ગુસ્સાને ગળી જઈ, મોં પર પરાણે સ્મિત ફરકાવતાં કહ્યું : 'હાસ્તો.... સારું કર્યું, અંકલ... બેસો, હું જરા ફ્રેશ થઈને આવું....' કહેતાં અમે ગૃહપ્રવેશ કર્યો.

'જરા નહીં, પનુભાઈ પૂરેપૂરો ફ્રેશ થઈને જ આવજો.' એવી ચીલાચાલુ કોમેન્ટ કરી અંકલે મંડળીને હસાવવા પ્રયત્ન કર્યો. ને પછી બૂમ પાડી : 'ચિંતા ના કરતા. ચાનું કહી દીધું છે, હોં.'

ક્રોધ તો બહુ આવેલો પણ શ્રીમતીજીએ શાંત પાડ્યો. ફ્રેશ થઈને અમે શ્રીમતીજીને એમને કહ્યું : 'ચા-બાની માથાકૂટ રહેવા દે.'

'અરે, પણ... ઘરે બધા આવ્યા છે... લાલાકાકાએ ચા પીવડાવવા કહ્યું છે ને....'

'મહેમાનગતી કરવાની ક્યાં ના છે ? ચાને બદલે નાસ્તો કરાવ. પેલા ગુંદરપાકનાં કેટલા ચોસલા પડ્યા છે ?' અમે પૂછ્યું.

'કાકા આવી ગયા હતા તે બધાં ચોસલાં અકબંધ પડ્યાં જ છે ને ? કેમ ?'

'ડીશમાં મૂકીને ચાર ચોસલાં આપ મને.'

'અરે પણ?'

'જો, અતિથિદેવો ભવ એટલે ગેસ્ટનું ઉચિત સ્વાગત કરવું આપણી સંસ્કૃતિ છે - આપણા સંસ્કાર કહેવાય. વળી, શિયાળામાં - ઠંડીમાં વસાણાથી સ્વાગત જેવું ઉત્તમ શું હોઈ શકે ?' અમે મનમાં ચાલતા ગેઈમ પ્લાન સંદર્ભે કહ્યું. શ્રીમતીજીએ ચાર ચોસલાં ગોઠવેલી ડીશ અમને કચવાતા મને આપી. એ લઈ અમે એટલે આવીઅંકલ સહિત એક એક ચકતું ધર્યું. 'પાક' જોઈને સૌ ખુશ થઈ ગયા - અલબત્ત, અંકલ સિવાય!!

'અંકલ, તમે ય લો.... ' લાલાકાકાએ ગુંદરપાકનું ચોસલું ના લીધું એટલે અમે આગ્રહ કર્યો.

'હેં ? ના, ના... પનુભાઈ, મેં તો સવારે જ ખાધો છે ને એટલે....' રેડઅંકલે છટકવા કહ્યું.

'વાંધો નહીં... અંકલ, લો.' ઠંડીમાં ગરમાવો આવી જશે.' કહેતાં અમે પરાણે એમને ચોસલું ધર્યું. કચવાતા મને અને ક્રોધિત દૃષ્ટિએ અમને તાકી રહેતાં એમણે ગુંદરપાક હાથમાં લીધો.

'વાહ, પનુભાઈ' કહેતા પંચાલભાઈ, કુલકર્ણીજીને દરજી ભાઈએ ચોસલું મોંમાં મૂક્યું. બટકું ભરવા જોર કર્યું. પણ એમ કયાં તૂટવાનું હતું ? બહુ બળ વાપર્યા પછી ત્રણેય જણે 'ઓહ, નો.' કહી, જડપા ઉપર હાથ દબાવતાં ચોસલા ટિપોઈ ઉપર પડેલી ડીશમાં 'સાભાર' પરત કર્યા... દરજીભાઈ 'કેચી' ચલાવી : 'પનુભાઈ, આવો કઠણ - સજ્જડબંધ ગુંદરપાક ? દાંતને દાઢ તોડવા ખવડાવવો છે ? ઘરે બનાવ્યો ?'

'બહારથી લાવ્યા છો? જરા જોઈ - ચાવીને લાવવો જોઈએ ને! સસ્તો શોધવા જાવ તો આવો જ મળે ને !!' પંચાલભાઈએ ગુંદરપાક ના ખવાયાની દાઝ કાઢતાં કહ્યું.... અમે કાકા સામે જોયું. લાલાકાકા ાથમાં જ ગુંદરપાકના ચોસલા સાથે જાણે ચોંટી ગયા હોય એમ મોં લટકાવીને બેઠા હતા. અમારે ના છૂટકે કહેવું પડ્યું : 'ના, ના.... આ તો લાલાકાકાને ત્યાંથી આવ્યો છે?'

'હેં ?' મંડળીના ત્રણેય જણા નવાઈ પામતા બોલી ઊઠ્યા... 'અંકલ, તમે બનાવ્યો છે આ તમારા જેવો મજબૂત ગુંદરપાક?' દરજીએ વેતર્યું.

'ના, ભાઈ, ના.... અમે નથી બનાવ્યો' રેડઅંકલને હવે મોં ખોલ્યા વિના છૂટકો ન હતો; 'અમે ઘરે કયારે બનાવીએ છીએ કોઈ પાક.'

'તો ?'

'આ તો મારી સાળીએ બનાવેલો તે આપી ગયેલી...'

'હં... ને એ ચવાય - ખવાય એવો ન હોવાથી જ તમે પનુભાઈને ત્યાં આપી જવાનો શિષ્ટાચાર કર્યો, ખરું ને ?' દરજીભાઈએ વેતર્યું.

'યસ, બળતું ગર કૃષ્ણાર્પણ કર્યું. ખરું ને, કાકા ? કે પછી દુબળી ગાયનું દાન કહીશું આને હેં?

'ના, ભાઈ ના...' ચારે તરફથી આક્રમણ થતાં રેડઅંકલે શરમથી સહેજ પીળા પડી જતાં કહ્યું : પનુભાઈ મારા ને તમારી કાકીને ચોકઠા છે તે આ ક્યાં ખવાય ? એટલે થયું કે રોજ તમારે ત્યાં ચા-નાસ્તો કરી જાઉં છું તે તમને આપું... કદાચ તમારા મજબૂત દાંત ખાઈ શકો એટલે આ શિષ્ટાચાર કરેલો મેં, યાર!

'હેં ? અંકલની વાત સાંભળી અમારાથી બોલાઈ ગયું. ને પછી મન ચકડોળે ચઢ્યું કે 'આવા શિષ્ટાચારને શું કહેવું ? ભ્રષ્ટાચાર કે અત્યાચાર?'

# ''સ્વ તરફની યાત્રા''




**પ્રસંગસર**
**ભાવના જોશી**

ઋષિમુનિઓ અને ઉપનિષદોથી દુનિયામાં લોકોને યોગ સૂત્ર મળ્યું છે. તેમજ ધ્યાનનું સૂત્ર પણ મળ્યું છે. ધ્યાનનો અર્થ થાય છે કે તમે પોતાની શક્તિથી પરિચિત થાઓ, પોતાની ક્ષમતાથી પરિચિત થાઓ, પોતાનામાં સર્જનાત્મક વિચારોનું નિર્માણ કરવું. અહિંસાની શક્તિને પ્રતિષ્ઠાપિત્ત કરવું. જે વ્યક્તિ પોતાને પોતાની અંદરની જોતો નથી તે વ્યક્તિ પોતાની શક્તિથી પરિચિત હોતો નથી. જેને પોતાની શક્તિ પર ભરોસો નથી હોતો, તે પોતાની શક્તિ સાથે જોડાયો નથી. અને તેને કોઈ જ મદદ કરવાની ધગશ અને ક્ષમતા હોય તો તમારામાં રહેલી શક્તિ સર્જનાત્મક શક્તિમાં રૂપાંતર થઈ જાય છે.

તમને મનમાં પ્રશ્ન થશે કે સર્જનાત્મક શક્તિનો વિકાસ આપણા શરીરમાં કેવી રીતે કરીએ ? તેનો ઉપાય શું છે ? તો સર્જનાત્મક શક્તિનો વિકાસ આપણા શરીરમાં જાગૃત કરવા માટે અનેક પ્રકારના સાધનની જરૂર પડે છે. પણ આ બધામાં સૌથી શક્તિશાળી સાધન છે.

- ધ્યાન

ધ્યાન નો અર્થ એ થાય છે કે વિખરાયેલા સપનાઓને સમેટી લેવું. જેમ કે....

ખુશી સુધી પહોંચી નથી શકાતું, તેના પર કબ્જો પણ કરી શકાતો નથી. વળી, તેનો સંગ્રહ પણ નથી કરી શકાતું. તેને ધારણ પણ નથી કરી શકાતું - આ તો દરેક ક્ષણોમાં પ્રેમ, ગરિમા અને આભારની સાથે જીવન જીવવાનો એક આધ્યાત્મિક અનુભવ છે.

નવી રચના કરવા માટેના પ્રયાસ માટે આપણે આધ્યાત્મિક પ્રયાસ ઉપયોગમાં લેવો જોઈએ. આધ્યાત્મિક અનુભવથી આપણે આપણી સંપૂર્ણ જાતને એટલે કે શરીર, મન, અને આત્માને સારી રીતે કેળવીને પોષણ આપી શકીશું. આ ત્રણમાંથી કોઈ એકને આપણે અવગણીશું તો આપણે અધૂરા રહી જઈશું.

જો આપણે શરીરથી શરુઆત કરીએ તો આપણે પોષક આહારનો વિચાર કરવાનો રહેશે. આપણી ખાણી-પીણીની પસંદગીનો આપણા શરીર સાથે શું સંબંધ છે તે જોવું જોઈએ. અને તેની આપણા લાગણીતંત્ર ઉપર શું અસર થાય છે તે પણ ધ્યાન રાખવું જોઈએ. આપણે કસરતની મદદથી પણ આપણી જાતને નવું સ્વરુપ આપી શકીએ છીએ. જેથી આપણે એક ઊર્જાથી ભરેલું જીવન જીવી શકીએ છીએ.

હવે આપણે મન તરફ થોડું ધ્યાન દોરીએ. મનથી આપણે કલ્પના કરવાની રીત, માનસિક પ્રતિબિંબ ઉપસાવવાની રીત ને હકારાત્મકતામાં ફેરવી શકીએ.

ધ્યાન મનને શાંત કરવાનું સાધન છે. જેથી આપણા શરીરમાં આધ્યાત્મિક બળ ઊભું થાય છે. તમે જયારે ધ્યાનની અવસ્થામાં બેસો છો ત્યારે તમારી અંદર રહેલી તમામ જાણકારી તમારી સપાટી પર આવી જાય છે. એટલે કે તમે જયારે ધ્યાન વખતે આંખો બંધ કરીને બેઠા હોવ છો તો તમારા દરેક પ્રશ્નનો જવાબ તમને મળે છે. અને તે યોગ્ય અને સંતોષકારક મળે છે જેથી સફળતાપૂર્વક આપણે આપણો દરેક પ્રશ્નનો નિર્ણય લઈ શકીએ છીએ.

આત્માના પ્રદેશમાં આપણે પ્રાર્થના, ધ્યાન અને પરમાત્મા સાથે એકરુપ થઈશું. અને અંગત રીતે ક્ષમા આપીને નિઃસ્વાર્થ પ્રેમ કરવો એ આધ્યાત્મિક વાત છે.

**(રેકી ગ્રાન્ડ માસ્ટર એન્ડ ટીચર)**